# સે. ૨૬ના અપહ્યુત જમીન દલાલને લૂંટીને બોપલ છોડી દેવાયો

## અમદાવાદના છ-સાત ઈસમો ઈન્ફોસિટીથી હોન્ડાસીટી કારમાં લઈ ગયા હતા : સે. ૭ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

ગાંધીનગર, તા. ૧૦

જમીનની લેતીદેતી મામલે ગાંધીનગર શહેરના એક જમીન દલાલનું અમદાવાદના આઠ અપહરણકર્તાઓએ ગતરોજ ઈન્ફોસિટી ખાતેથી ધોળા દિવસે અપહરણ કરી ગયા હતા. આ ઘટનાને પગલે ભારે ચકચાર મચી જવા પામી હતી. જો કે મોડી રાત્રે અપહરણકારોએ અપહ્યુત જમીન દલાલ પાસેથી સોનાના દાગીના અને રોકડ રકમની લૂંટ ચલાવી તેને અમદાવાદના બોપલમાં છોડી દીધો હતો. બાદ અપહ્યુતે સે. ૭ પોલીસમાં ફરિયાદ આપતા પોલીસ તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર શહેરના સેક્ટર-૨૬ ગ્રીનસીટી ખાતે રહેતા પ્રકાશભાઈ શંકરભાઈ પટેલ જમીનની દલાલી કરે છે. જમીન દલાલ પ્રકાશભાઈ પટેલ ગતરોજ પોતાના અન્ય એક મિત્ર સાથે જમીનના સોદાના મામલે ઈન્ફોસિટી ખાતે આવ્યા હતા. ત્યારે અગાઉ એક જમીનના મામલે વાતચીત કરવા કુડાસણ ગામે રહેતા હસમુખભાઈ હેમરાજભાઈ પટેલે પ્રકાશ પટેલને ફોન કરી પુછ્યું હતું. આથી પ્રકાશ પટેલે ઈન્ફોસિટી ખાતે મળવા જણાવ્યું હતું. બાદમાં હસમુખ પટેલ અને અન્ય છ-સાત ઈસમો ગતરોજ ઈન્ફોસિટી ખાતે આવી પહોંચ્યા હતા અને બાદમાં જમીન દલાલ પ્રકાશ પટેલ અન્ય તેના મિત્ર પરાગ શાહનું હોન્ડાસિટી કારમાં અપહરણ કરી અમદાવાદ તરફ લઈ ગયા હતા. અપહરણકારો બંને અપહ્યુતોને બોપલ વિસ્તારમાં લઈ જઈ એક સ્થળે ગોંધી રાખ્યા હતા અને ઢોર માર માર્યો હતો. બાદમાં અપહ્યુત પ્રકાશ પટેલે ગળામાં પહેરેલ સોનાનો દોરો અને સોનાની વીંટી સહિત રૂ. ૭૫૦૦ની રોકડની લૂંટ ચલાવી મોડી રાત્રે બોપલ વિસ્તારમાં બંને અપહ્યુતને છોડી અપહરણકર્તા ફરાર થઈ ગયા હતા. બાદમાં અપહ્યુત પ્રકાશભાઈ પટેલે સેક્ટર-૭ પોલીસમથકમાં હસમુખભાઈ પટેલ (રહે. કુડાસણ), જયેશ પટેલ (મુ. રહે. સૌરાષ્ટ્ર) અને વિષ્ણુ રબારી (રહે. અમદાવાદ) સહિત અન્ય પાંચ ઈસમો મળી કુલ ૮ શખ્સો વિરૂદ્ધ અપહરણ, લૂંટ અને માર મારવા અંગે ફરિયાદ નોંધાવી હતી. આથી સેક્ટર-૭ પોલીસે આ અંગે તમામ અપહરણકર્તાઓ વિરૂદ્ધ ગુનો નોંધી લીધો છે અને તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. જે અંગેની તપાસ પી.એસ.આઈ. એ.કે. ભરવાડ ચલાવી રહ્યા છે.



એમ.એ.સી.ટી. બારમાં જોડાતા જુનિયર વકીલોને સિનિયરો વધુ સહકાર આપે તેવી ભાવના સ્નેહમિલન કાર્યક્રમ દરમિયાન બારના પ્રમુખે વ્યકત કરી હતી. ગાંધીનગર એમ.એ.સી.ટી. બાર દ્વારા ગત તા. ૭ માર્ચના રોજ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન ડીસ્ટ્રીકટ જજ જી.કે. ઉપાધ્યાય એડી ડીસ્ટ્રીકટ જજ શ્રી વ્યાસ, ચીફ કોર્ટના જજ શ્રી પરીખ, સિનિયર સિવિલ જજ શ્રી રાણા તેમજ એમ.એ.સી.ટી. બારના પ્રમુખ શંકરસિંહ ગોહીલ વકીલ બી.આર. શર્મા સહીત અન્ય વકીલો ઉપસ્થિત રહ્યા હતા. આ તબક્કે બારના પ્રમુખ શંકરસિંહ ગોહીલે જણાવ્યું હતું કે વકીલોનું સમાજમાં મોભાનું સ્થાન હોય છે ત્યારે એમ.એ.સી.ટી. બાદમાં આવતા જુનિયરોને સિનિયર વકીલો વધુ સહકાર આપે તે અનિવાર્ય છે. વકીલ બી.આર. શર્માએ પણ બારની પ્રગતિ મટે શુભેચ્છા પાઠવી હતી. સ્નેહમિલન સમારંભમાં ૨૦૦ જેટલા વકીલો ઉપસ્થિત રહ્યા હતા. વકીલ આર.ડી. જાની, ગજેન્દ્રસિંહ રાઠોડ સહીતના વકીલોએ કાર્યક્રમને સફળ બનાવવા સહયોગ પુરો પાડયો હતો.

## ૩૫મી માસ્ટર્સ એથ્લેટીકસ ચેમ્પીયનશીપમાં ગાંધીનગરના ખેલાડીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

ગાંધીનગર, તા.૧૦

તાજેતરમાં જયપુર ખાતે રમાયેલી ૩૫મી માસ્ટર્સ એથ્લેટીકસ ચેમ્પીયન શીપ ઓફ ઈન્ડિયા ૨૦૧૪માં ગાંધીનગર જિલ્લાના ૧૦ ખેલાડીઓએ ભાગ લીધો હતો અને આ ખેલાડીઓએ આ ચેમ્પીયન શીપમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરતાં કુલ ૫ સિલ્વર અને ૬ બ્રોન્ઝ મેડલ એમ કુલ ૧૧ મેડલ મેળવીને ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

૩૫મી માસ્ટર્સ એથ્લેટીકસ ચેમ્પીયનશીપ ઓફ ઈન્ડિયાની સ્પર્ધામાં ૭૦ વર્ષથી વધુના વય જુથમાં એમ.બી. ભાઈજીએ ચક્રફેંકમાં રજતચંદ્રક મેળવ્યો હતો. આ ઉપરાંત ૪૫થી વધુના વય જુથમાં મહેશ કટારાએ લાંબી કૂદમાં, કીર્તિબેન મહેતાએ ૫ કીમી વોકમાં, ૫૫ વર્ષથી ઉપરના વયજૂથમાં ૧૦૦ મીટર હડલ્સમાં મહેન્દ્રકુમાર મહેતાએ અને શારદાબેન પાંડવે ચક્રફેંકમાં કાંસ્ય ચંદ્રકો જીત્યા હતા. આ સ્પર્ધામાં શારદાબેન પાંડવે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા બે સિલ્વર અને એક બ્રોન્ઝ એમ ત્રણ ચંદ્રકો, મહેશ કટારાએ એક સિલ્વર અને એક બ્રોન્ઝ એમ બે ચંદ્રકો, કીર્તિબેન મહેતાએ પણ એક સિલ્વર અને એક બ્રોન્જ એમ બે ચંદ્રકો જીતી ફકત ગાંધીનગર જિલ્લાનું જ નહી પરંતુ સમગ્ર ગુજરાતનું ગૌરવ ધારેલ છે.

# પહેલા ખેડૂતોને ન્યાય આપો પછી આગળ વધશો તો તમને કોઈ રોકી નહી શકે

## ગુજરાત ખેડૂત હિત રક્ષક મંડળ દ્વારા નરેન્દ્ર મોદી પર વતનના ખેડૂતોની ઉપેક્ષા કરવાના આક્ષેપ સાથે ઉત્તર ગુજરાતમાંથી ચુંટણી લડવા પડકાર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લાના બાલવા ખાતે આવેલ ગુજરાત ખેડૂત હિતરક્ષક મંડળ દ્વારા રાજયના મુખ્યમંત્રી અને વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને ઉત્તર ગુજરાતના ખેડૂતોને પાણી અને ખેતી વપરાશ માટેની વિજળી અંગેના પ્રશ્નોમાં અન્યાય થઈ રહ્યો હોવાથી તેમને ન્યાય આપી ઉત્તર ગુજરાતમાંથી ચુંટણી લડવા પડકાર કરાયો છે.

ગુજરાત ખડૂત હિત રક્ષક મંડળે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે મંડળ દ્વારા સરકારમાં છેલ્લા બે વર્ષથી લેખિત તેમજ મૌખિક રજૂઆત વારંવાર કરવા છતાં સત્તાના નશામાં અને વડાપ્રધાનપદના સપનામાં રાચતા મુખ્યમંત્રી દ્વારા આજ દિન સુધી ખેડૂતોના પ્રશ્નોની કોઈ ગંભીર નોંધ લેવાઈ નથી. તા. ૨૧મી ફેબ્રુઆરીથી ૨૫મી ફેબ્રુઆરી દરમિયાન ખેડૂતોના પ્રતિનિધિઓએ પ્રતિક ઉપવાસ કર્યા હોવા છતાં સરકારે કોઈ ગંભીર નોંધ લીધી નથી. ગુજરાતના મુખ્યમંત્રી બીજા રાજયોમાં જઈને ગુજરાતના ખેડૂતોના વિકાસની વાતો કરે છે તે બિલકુલ ખોટી છે ગુજરાતનો ખેડૂત દુઃખી છે.

આ ઉપરાંત આ અખબારી યાદીમાં વધુમાં જણાવાયું છે કે ઉત્તર ગુજરાત તો મોદી સાહેબનું વતન છે છતાં ખેડૂતો પાણી અને ખેતીના વપરાશ માટે વિજળી વગેરે જેવા નાના મોટા અનેક પ્રશ્નોમાં અન્યાય થઈ રહ્યો છે.જો ગુજરાતમાં ખેડૂતોનો સારો વિકાસ કર્યો હોય તો ઉત્તર ગુજરાત જેવું પોતાનું વતન છોડીને બીજા રાજયમાં ચુંટણી લડવા કેમ જવું પડે છે?

આવા વેધક સવાલો સાથે મોદી સાહેબને આહવાન કરાયું છે કે પહેલા પોતાના વતનના ખેડૂતોને થઈ રહેલા અન્યાય વિશે વિચારીને ન્યાય આપો પછી આગળ વધો તો તમને કોઈ રોકી નહીં શકે.

# ‘આત્મને’ માટીમાં મજૂરી કરી કતેડાં ઉચકતી મહિલાઓ વચ્ચે ઉજવ્યો ‘વિશ્વ મહિલા દિન’

ગાંધીનગર, તા. ૧૦

આખુ વિશ્વ જ્યારે ૮મી માર્ચે વિવિધ કાર્યક્રમો દ્વારા મહિલાની સુરક્ષા, અત્યાચાર, ભ્રૂણહત્યા, ઘરેલુ સમસ્યા, સમાજમાં સમોવડીયા જેવાં વિષયની ચિંતાના એસી હોલમાં બેસી ચર્ચામાં લાગેલા ત્યારે ગાંધીનગરને અડીને આવેલા પાલજ ગામની સામે ૪૫૦ એકર જમીનમાં આકાર લઈ રહેલી આય.આય.ટી. કૉલેજની સાઈટ પર કાળી મજૂરી કરતી મહિલાઓની લાગણી સમજવાનો નવતર કાર્યક્રમ થયો. આશ્ચર્યજનક વાત તો એ હતી કે ત્યાં બેસેલી અઢીસોથી વધુ મહિલાઓમાંથી એકેયને આજના દિવસની મહત્વતા ખબર નહોતી !!

ગાંધીનગરના છેવાડાના ગરીબ અને જરૂરીયાતમંદ માટે સદાય વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરતાં આત્મન ફાઉન્ડેશન સંસ્થાએ વિશ્વ મહિલા દિવસ આય.આય.ટી. કેમ્પસની વર્કીંગ સાઈટ પર પરસેવો પાડતી મજૂર અને અશિક્ષીત મહિલાઓ વચ્ચે જઈને ઉજવ્યો. કન્સ્ટ્રકશન વ્યવસાય સાથે સંકળાયેલા અને હાલ રેલકોન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રા.લી. કંપનીની આ સાઈટની જવાબદારી સંભાળતા સી.એલ. મહેતાએ વિશ્વ મહિલા દિન આ જગ્યાએ ઉજવવાનું નક્કી કર્યું. જયશ્રી ખેતિયાએ સુંદર મજાનું ‘મોરબીના રાજાની વાહ રે વાહ’ ગીત ગવડાવી બધી બહેનોને રાજી કરી દીધી.

અહીં આવેલી દરેક મહિલાને એમને પ્રિય એવી સાડી અને ડ્રેસ મટીરીયલ આપવામાં આવ્યું. બહેનોને સાડીનું વિતરણ લીના મહેતા, સેન્ટ ઝેવિયર્સના શિક્ષિકા ગાયત્રી થોરાત, સવિતાબેન મહેતા અને જયશ્રી ખેતિયા દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે જાણીતા કવિ અને સમાજ સેવક ભરત કવિ અને યુવા સાહિત્યકાર સંજય થોરાત ખાસ ઉપસ્થિત રહી પરિશ્રમી મહિલાઓને સત્કારવાનાં કાર્યક્રમમાં સામિલ થયાં હતાં.

આ સાઈટ પર મજૂરો પાસેથી માત્ર કામ જ નથી કરાવાતું પણ રેલકોન કંપની એમનાં પાક્કા આવાસ, બાળકોનું શિક્ષણ, પરિવારની મેડિકલ જરૂરીયાત અને કરિયાણા જેવી પાયાની જરૂરીયાતની પણ કાળજી લેવાય છે એવું સી.એલ. મહેતાએ જણાવ્યું હતું. અનિવાર્ય કારણો અનુસાર આત્મનના સંસ્થાપકો પ્રજ્ઞાબેન પટેલ અને એચ.બી. વરિયા આવી ના શકતાં એમણે શુભેચ્છાઓ મોકલાવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ચારણભાઈ, ધૈવત મહેતા અને કોન્ટ્રાક્ટરોએ અંગત રસ લીધો હતો.

જમીનનો ગાલીચો અને આકાશનો ધાબળો લઈ જીવંત અને માટીમાં મજૂરી કરી સિમેન્ટ કોક્રીંટના કતેડાં ઉંચકતી મહિલાઓને જ્યારે આઈસક્રિમનો કપ અને સાડી મળતાં એમના ચહેરા પર જે સ્મિત ફરક્યુ હતું એનાથી મળેલો આત્મસંતોષ ‘વિશ્વ મહિલા દિન’નો ખરો એવોર્ડ ‘આત્મન’ના સભ્યો માટે બની રહ્યો. જેમને વિશ્વ મહિલા દિની જ ખબર ના હોય એમની વચ્ચે આ દિવસ ઉજવવાનો આઈડિયા મસ્ત ના કહેવાય ??



# ઉનાવા ગામે વરલી મટકાના જુગારધામ પર પોલીસનો દરોડો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીક ઉનાવા ગામે જાહેરમાં બે શખ્સો વરલી મટકાનો જુગાર રમાડી રહ્યા હોવાની બાતમીના આધારે એલ.સી.બી. પોલીસે દરોડો પાડી વરલી મટકાનો જુગાર રમાડતા એક શખ્સને ઝડપી પાડ્યો હતો. જ્યારે એક શખ્સ ફરાર થઈ ગયો હતો. પોલીસ દરોડા સ્થળેથી રૂ.૩૩૦૦ની રોકડ અને સાહિત્ય સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

માહિતી અનુસાર ગાંધીનગર એલસીબી પોલીસને બાતમી મળી હતી કે ઉનાવા ગામે કેટલાક ઈસમો જાહેરમાં ભાગોળની વચ્ચે વડના ઝાડની નીચે વરલી મટકાનો જુગાર રમાડી રહ્યા છે. જે બાતમીના આધારે આજે એલસીબીની ટીમે બાતમી સ્થળે દરોડો પાડ્યો હતો. અને જુગાર રમાડતા ભરતજી પ્રતાપજી ઠાકોર (રહે. ઉનાવા)ની ધરપકડ કરી હતી, જ્યારે બાદરજી કાળાજી ઠાકોર નામનો ઈસમ પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયો હતો. આ સંદર્ભે પોલીસે સ્થળ પરથી રૂ. ૩૩૦૦ની રોકડ સહિત જુગાર સાહિત્યનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને બન્ને શખ્સો વિરૂદ્ધ એલસીબી પોલીસે પેથાપુર પોલીસમાં ફરિયાદ આપતા પેથાપુર પોલીસ તપાસ શરૂ કરી છે.

# ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં શુભેચ્છા સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરની ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજમાં ચોથા સેમેસ્ટરના વિદ્યાર્થીઓને વિદાય અને શુભેચ્છા આપતા કાર્યક્રમનું પ્રદિપભાઈ ગગલાણીએ મહેમાનોનું સ્વાગત કર્યા બાદ વિદ્યાર્થીઓને પરીક્ષા અંગે ઉપયોગી એવું મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. ડાયરેકટર શૈલેષભાઈએ વિદ્યાર્થીઓને સફળતા ઉપર માર્ગદર્શન કર્યું હતું.

આ શુભેચ્છા સમારંભમાં શાળાના તેજસ્વી છાત્રોને ઈનામ-પ્રમાણપત્રો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને શિક્ષકો દ્વારા સારા



આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા અને માહિતી ખાતાના ડેપ્યુટી ડાયરેકટર ઈન્ફોર્મેશન પુલકભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતાં.

ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજના આ કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન વી.વી. વૈષ્ણવ અને મેનેજીંગ ડાયરેકટર દલસાણિયા સાહેબે પણ પ્રેરક હાજરી આપી હતી. કાર્યક્રમના પ્રારંભમાં શાળાના આચાર્ય

સફળતાની ચાવીઓ અને સંઘર્ષમાં સફળતા મેળવવા માટે માર્ગદર્શક સૂચનો કર્યા હતાં.

આ કાર્યક્રમના મુખ્ય મહેમાન કૃષ્ણકાંત જહા એ જીવન સંઘર્ષ કેવી રીતે ખેલવો જોઈએ અને નિષ્ફળતામાંથી નિરાશા જન્મવી ના જોઈએ તે અંગે પ્રેરણાદાયી અને હૃદયસ્પર્શી ઉદબોધન કર્યું હતું. ગુજરાત પ્રેસ એકેડમીના મંત્રી અને અતિથિ વિશેષ પુલકભાઈ ત્રિવેદીએ બાળકોને શિક્ષણ, શિસ્ત અને પરિણામ માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

ધોરણ-૧૧માં ભણતી કુ. ધ્રુવી પટેલે વિદાય લઈ રહેલા સિનિયર્સને બધા વિદ્યાર્થીઓ વતી શુભેચ્છાઓ પાઠવી હતી જયારે વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓ વતી અભિષેક પંડયા અને કુ. અર્શ જયોતે શાળા પરિવારનો આભાર માન્યો હતો. આ શુભેચ્છા સમારંભ દરમિયાન ગીત સંગીત સાથે સમારંભને રંગીન બનાવાયો હતો.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૮

સૂર્યાસ્ત : ૬.૪૪

## તાપમાન

મહત્તમ : ૩૫.૬ ડિ.સે.

લઘુત્તમ : ૧૭.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૫ ટકા ● સાંજે ૩૪ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૮.૪૦, ૧૧.૪૦, ૨.૪૦

રાઈસ ઑફ એન એમ્પાયર : ૬.૧૦, ૮.૩૦, ૧૦.૫૦

: સ્ક્રીન-૨ :

શાદી કે સાઈ ઈફેક્ટસ : ૯.૪૦, ૧૨.૪૦, ૩.૧૦, ૬.૪૦, ૯.૪૦

: સ્ક્રીન-૩ :

હાઈવે : ૧૦.૫૫, ૧.૪૦, ૭.૩૫, ૧૦.૨૦

ગુન્ડે : ૪.૨૫

: સ્ક્રીન-૪ :

શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૧૦.૪૦, ૧.૪૦, ૪.૪૦, ૭.૪૦, ૧૦.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

ક્વીન : ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

શાદી કે સાઈડ ઈફેક્ટ : ૪.૩૦

: સ્ક્રીન-૨ :

ગુલાબ ગેંન્ગ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

ટોટલ સીયાપા : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૩ :

રાઈસ ઓફ એન એમ્પાર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ગુન્ડે : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫

રાઈસ ઑફ એન એમ્પાર : ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :

અનુરાધા : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦

ગુન્ડે : ૭.૧૫, ૧૦.૧૫

### ચિરાગ સિનેમા(કલોલ)

શાદી કે સાઈડ ઈફેકટસ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ‘વાહ ગુરુ’ નામક નાટક રાત્રે ૯.૩૦ કલાકે.

### સામાજિક

- બ્રહ્મભવન સેકટર-૧૬ ખાતે બપોરે ૨.૩૦ કલાકે મહિલા પાંખ દ્વારા એકપાત્ર અભિનય, ફેબ્રરીક પૅઈન્ટીંગ વગેરે જેવાં મહિલાલક્ષી કાર્યક્રમ યોજાશે.

## આપની આજ

**મેષ** : માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં આવનારા તનાવ અને વિઘ્નો સમાપ્ત થવાના યોગ બની રહ્યા છે. જોખમી કામોમાં સાવચેતી રાખવી.

**વૃષભ** : પ્રયત્ન અને પરિશ્રમનું યોગ્ય ફળ પ્રાપ્ત મળી શકશે. માન-સન્માનમાં યશ-વૃદ્ધિ થશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. જીવનસાથીનો સહયોગ કાર્યોમાં મળી રહેશે.

**મિથુન** : સામાજિક ક્ષેત્રોથી લાભ. આપ ભાગ્ય કરતાં કર્મ પર વધુ વિશ્વાસ કરી કાર્ય કરતા રહો. રાજયપક્ષનાં કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં પૂરતી સફળતા પ્રાપ્ત થઈ શકશે. આરોગ્ય સંબંધી ચિંતાનું સમાધાન થશે. ઈચ્છાઓની પૂર્તિ થઈ શકે છે. તમારી વ્યવહારકુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો.

**સિંહ** : સાહસનો લાભ મળી શકશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંતાનના આરોગ્ય સંબંધીત ચિંતાઓનું નિકારણ આવશે.

**કન્યા** : મહત્વાકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. જૂના સંબંધોમાં યશની વૃદ્ધિ થશે. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થશે .આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી. આર્થિક તંગીની આશંકા છે.

**તુલા** : કૌટુંબિક ચિંતા દૂર થશે. વ્યવસાયિક સ્થિતિ સારી રહેવાની સંભાવના છે. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. અટકેલા નાણાં પ્રાપ્ત થવાથી હર્ષ થશે.

**વૃશ્ચિક** : સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. મતભેદોથી દૂર રહીને શાંતિથી કાર્ય કરવું. પ્રગતિવર્ધક સમાચાર મળી શકે છે. પૂર્વમાં કરવામાં આવેલા કાર્યોનું ફળ મળી શકશે.

**ધન** : અટવાયેલા અને અધુરા રહેલા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતા વધશે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભાવના છે.

**મકર** : મહત્વપૂર્ણ કાર્યો પર ખર્ચ થઈ શકે છે. લાભ મળવાના પણ યોગ બની રહ્યા છે. વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે.

**કુંભ** : ધાર્મિક યાત્રાઓ થઈ શકે છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે. મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ. નવા આર્થિક સાધનો પર કાર્ય થઈ શકશે.

**મીન** : નોકરીમાં સ્થિતિ મજબૂત બનશે. ઉદાર મન અને ક્ષમાવાન વ્યવહારથી લાભ થશે. સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. વાદ-વિવાદથી દુર રહેવું.

## ચિરવિદાય

- સ્વ. મુકેશભાઈ સુરેશચંદ્ર બારોટ (ઉ.વ. ૨૭) બ્લોક નં. ૯૨/૫, જ- ટાઈપ, સેકટર-૧૭, ગાંધીનગર.
- સ્વ. બુધાજી નાથાજી સોલંકી (ઉ.વ. ૪૦) ઈન્દિરાનગર, મુ.પો. ડભોડા, તા., જિ. ગાંધીનગર.